ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

પ્રેસનોટ- 2415/05/2024 તા.03-05-2024

## પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમા ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજનુ મહાસંમેલન સિદસર રોડ,ભાવનગર ખાતે યોજાયું.

----

## ક્ષત્રીય કારડીયા સમાજ વર્ષો સુધી ભાજપ સાથે સંકળાયેલો છે, સમાજને મોદી સાહેબ પ્રત્યે પ્રેમ અને વિશ્વાસ છે એટલે આજે મોટી સંખ્યામા સમાજના લોકો ઉપસ્થિત છે.– શ્રી સી.આર.પાટીલ

----

## આજનો યુવાન જોબ સીકર નહી જોબ ગીવર બને તે દિશામા સરકારે પ્રયાસ કર્યા છે.– શ્રી સી.આર.પાટીલ

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે, પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમા ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજનુ મહાસંમેલન સિદસર રોડ,ભાવનગર ખાતે યોજાયું. આ કાર્યક્રમમા જીલ્લાના મહામંત્રીશ્રી નરેશભાઇ સોલંકીએ પ્રાસંગીક સંબોધન કર્યું.

પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ સંબોધન કરતા જણાવ્યું કે, ક્ષત્રીય કારડીયા સમાજ વર્ષો સુધી ભાજપ સાથે સંકળાયેલો છે.સમાજને મોદી સાહેબ પ્રત્યે પ્રેમ અને વિશ્વાસ છે એટલે આજે મોટી સંખ્યામા સમાજના લોકો ઉપસ્થિત છે. મોદી સાહેબે સૌને સાથે રાખી વિકાસના કાર્યો કરવાનો પ્રયાસ કર્યો છે. લોકસભાની ચૂંટણીમા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ત્રીજી વખત વડાપ્રધાન બનવાના છે. મોદી સાહેબે દરેક વર્ગના લોકોને યોજનાનો લાભ મળે તે દિશામા પ્રયાસ કર્યો છે. દેશની મહિલાઓ મોદી સાહેબના નેતૃત્વમા સુરક્ષીત હોવાનો અહેસાસ કરે છે. લોકસભા અને રાજયસભામા મહિલાઓને 33 ટકા અનામત આપવાનો ઐતિહાસીક નિર્ણય મોદી સાહેબે કર્યો છે. આજનો યુવાન જોબ સીકર નહી જોબ ગીવર બને તે દિશામા

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

સરકારે પ્રયાસ કર્યા છે. ખેડૂતોને સમયસર અને વ્યાજબી ભાવે ખાતર મળે તે માટે સરકારે પ્રયાસ કર્યા છે.

શ્રી પાટીલજીએ વધુમા જણાવ્યું કે, કોંગ્રેસે રામ ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠાનું આમંત્રણ ફગાવી દીધુ. જે રામના નથી થયા તે આપણા કેવી રીતે થાય .આજે આખો દેશ રામમય બની ગયો તે મોદી સાહેબની દેન છે. મોદી સાહેબે જમ્મુ કાશ્મિરમા કલમ 370 દુર કરી અને ત્રીપલ તલાકનો કાયદો લાવી મુસ્લીમ બહેનોને સુરક્ષીત કરવાનુ કામ કર્યુ છે.

આ કાર્યક્રમમા કર્ણાટકના પુર્વ રાજયપાલ અને વરિષ્ઠ નેતાશ્રી વજુભાઇ વાળા,ભાવનગર શહેરના પ્રમુખ, સાંસદશ્રી ભારતીબેન શિયાળ, ધારાસભ્યશ્રીઓ શ્રી જીતુભાઇ વાઘાણી, શ્રી કિરિટસિંહ ડાભી, ઉમેદવારશ્રી નિમુબેન બાંભણીયા,પ્રદેશના ઉપાધ્યક્ષશ્રી મહેન્દ્રસિંહ સરવૈયા,શ્રી કેશુભાઇ નાકરાણી સહિત સમાજના આગેવાનો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)